ૐ શ્રી

તરૂણીના તરંગ

નાટકનાં ગાયનો અને ઉપરેખા

લેખક:—
પ્રો. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા.
એમ. એ. બી. ટી.

છપાવી પ્રસિદ્ધ કરનાર
બાપુલાલ બી. નાયક.
મુંબઇ ગુજરાતી નાટકમંડળીના માલિક
શાન્તિભુવન થીએટર—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી પ્રત ૩૦૦૦.

સંવત ૧૯૮૪ સને ૧૯૨૮

મુલ્ય ૦—૪—૦

શ્રી "જૈન એડવોકેટ" પ્રી. પ્રેસમાં વાડીલાલ બાપુલાલ શાહે
છાપ્યું. ઠે. ઘીકાંટા—અમદાવાદ.

પાત્રો.

પદ્મકુમાર............ઠરેલ અનુભવી બેરીસ્ટર.
નલીન..................તેનો ગરીબ મિત્ર.
સોલોમન..........એક હાફકાસ્ટ જુગારી, ઓલ રાઉન્ડ કમીશન એજન્ટ.
ચંદ્રકુમાર.........કોલેજીયન, કેતકીને ચાહનારો.
ગમન..................એક દુષ્ટ કોલેજીયન, કન્યા દલાલ,
રોમીયો..............સોલોમનનો રમુજી સેક્રેટરી.
કિશોરચંદ..........હરવખતે લગ્નનો ઘરડો ઉમેદવાર.

સ્ત્રી પાત્રો.

સવિતા................પદ્મકુમારની બી. એ. થએલી ઠરેલ સ્ત્રી.
કેતકી.................મેટ્રીક થએલી, કોલેજમાં ભણવાને બદલે નઠારી સોબતમાં પડેલી તેની ભત્રીજી.
કમલિની............નલીનની પુત્રી, પદ્મકુમારને ચાહનારી.
કિશોરી..............ગમનની ભાણેજ, રોમીયોને ચાહનારી.

અંક ૧ લો.

મંગળાચરણ—

દશ્ય ૧લું—કલકત્તામાં જુગારખાનું.

હાફકાસ્ટ સોલોમન એક ગરીબ નલીનકુમાર નામના મનુષ્યની પુત્રીને પરણવા માગે છે. છતાં જ્યારે નલીન નથી માનતો ત્યારે જુગારખાનામાં તેને દેવાદાર બનાવી તેને માર મારી બળાત્કારે લગ્ન કરવા ફરજ પાડવા જાય છે. પોલીસનો દરોડો પડે છે. સોલોમનના કહેવાથી મારનારા જુગારીઓ નાસી જાય છે. બેભાન થયેલો નલીન જાગ્રત થતાં અચાનક એક પોલીસનું ખૂન કરી ન્હાસે છે..

દશ્ય રજું—નલીનનું ઘર.

નલીનની પુત્રી કમલિની પિતાની ચિંતા કરે છે. ગભરાયેલો નલીન નાસતો આવે છે. પોલીસ પાછળ પડી છે. તેથી તરત બારીવાટે ઉતરી આગગાડીમાં ચડી નાસી જાય છે. પોલીસ કમલિનીને નલીન વિષે પૂછે છે. સોલોમન આવી પોલીસને બહાર બેસાડી પોતે કમલિનીને પોતાની સાથે લગ્ન કરવા કહે છે નહિતો નલીનનો ભેદ ફોડી પોલીસમાં આપવા ધમકી આપે છે. પદ્મકુમ બેરીસ્ટર, નલીનનો મિત્ર છે. તે ત્યાં આવે છે. સોલોમનને કાયદાની બારીકીમાં સપડાવી પોલીસને

વિદાય કરવાની ફરજ પાડે છે અને કમલિનીને મુંબઇ લઇ જાય છે.

દશ્ય ૩જું—પદ્મકુમારનું ઘર.

કોલેજમાં અધકચરો અભ્યાસ કરી ખરાબ સોબતની અસરમાં અતિ ઉચ્છૃંખળ થયેલી પદ્મકુમારની ભત્રીજી કેતકી કોલેજમાં ભજવેલા લેડી મેકબેથના પાર્ટનું રીહર્સલ કરે છે. એના મિત્રો એને અભિનંદન આપે છે. પણ બી. એ. થયેલી એની કાકી સવિતાથી એ દશ્ય ખમાતું નથી, કેતકીને અને તેના મિત્રોને ઠપકો આપે છે. કેતકી, પ્રથમદર્શને પ્રેમ તેજ ખરો પ્રેમ, એમ કહી સ્નેહલગ્નપર ઉતરી જાય છે. એનું જેની સાથે વેવીશાળ કરવામાં આવ્યું છે, તેપણ કોલેજમાં ભણનારો વિદ્યાર્થી છે; તેનું અપમાન કરી કેતકી મિત્રો સાથે જાય છે.

દશ્ય ૪થું—સોલોમનની ઓફીસ.

સોલોમનની સાથે ગમંન નામનો એક લુચ્ચો કેતકીનો મિત્ર તેની મુલાકાત કરાવે છે. “ પ્રથમદર્શને પ્રેમ તેજ ખરો પ્રેમ ” એમ માનનારી કેતકી એને જોતાંજ મોહી પડે છે. ને ટીફીન લેવા તેની સાથે જાય છે. દરમ્યાન સોલોમનનો સેક્રેટરી શામીયો અને તેની ટાઇપીસ્ટ ગર્લનો રસાલો આવે છે. સોલોમનની દાનત ગમનની ભાણેજ કિશોરી જે હેડ ટાઇપીસ્ટ ગર્લ છે. તેનાપર પડી છે. પણ તેને શામીયો પરણવા માગે છે; કિશોરી બન્નેને બનાવે છે,

દૃશ્ય ૫મું—પદ્મકુમારનું ઘર.

સવિતા કલકત્તાથી આવતા પતિનું સ્વાગત કરે છે. કમલિની જે પદ્મકુમારને કુંવારો સમજી કલકત્તાથી ચાહતાં શીખી હતી તે પદ્મકુમાર પરણેલો છે, એમ જાણતાંજ અતિદુ:ખી થાય છે, એના મનની મુંઝવણ. પદ્મકુમારને આ વાતની ખબર નથી, એને પોતાના ઘરમાં રાખે છે. કેતકીની વાત નીકળતાં તે સોલોમન સાથે વર્ણસંકર લગ્ન કરવા તૈયાર થઇ છે, એવી ખબર ચંદ્રકુમાર લાવે છે; સર્વે ત્યાં જાય છે.

દૃશ્ય ૬ઠું—લગ્નમંડપના બાજુનો હોલ.

સોલોમન અને કેતકીનો પ્રેમાલાપ. પદ્મકુમાર અને સવિતા આ લગ્ન અટકાવવા બનતી કોશીષ કરે છે, પરંતુ કેતકી એકની બે થતી નથી અને વડીલોનું અપમાન કરે છે. ચંદ્રકુમાર હઠે ચડયો છે, લગ્ન-અટકાવવા સોલોમન સાથે તકરાર કરતાં મારામારી થાય છે; પદ્મકુમાર આ મારામારી અટકાવવા જતાં નિષ્ફળ થાય છે, પોલીસ ચંદ્રકુમારને પકડે છે.

અંક ૨ જો.

દશ્ય ૧લું—પદ્મકુમારનું ઘર. કમલિનીની મનોદશા.

દશ્ય ૨જું—સોલોમનનું ઘર.

વેશ્યાના રંગમાં સોલોમન, કેતકી આવી આ રમખાણ જુએ છે, કેતકીનો મીજાજ, સોલોગન સાથે તકરાર ભરણ પોષણની ફરીયાદી માંડવા ધમકી સોલોમને કેતકીનો તિરસ્કાર કરવો.

દશ્ય ૩જું—પદ્મકુમારનું ઘર.

કેતકી ખ્રીસ્તી થઈ ગઇ છે અને આવા વર્ણસંકર લગ્ન આજકાલ વધતાં જાય છે, તેનો અટકાવ કરવાના ઉપાય યોજવા તેની મસલત કરવા ન્યાતીવાળા ભેગા થાય છે. કેતકી ભરણપોષણની ફરીયાદી માંડવાની નોટીસ લખાવવા પદ્મકુમાર પાસે આવે છે. ચંદ્રકુમારની પ્રેમ લાગણી, કેતકીને સલાહ સવિતાની કેતકીને શિખામણ.

દશ્ય ૪થું—પદ્મકુમારનું દીવાનખાનું.

પદ્મકુમારના પ્રેમથી વિહ્વળ થયેલી કમલિની પદ્મકુમારને એકાંતમાં પોતાનો મનોભાવ જણાવવા નિશ્ચય કરે છે. પણ પદ્મકુમારની દૃષ્ટિ મળતાં મળતાં બોલી શકતી નથી, અને તે મૂર્છા પામી તેની છાતી પર ઢળી પડે છે, પદ્મકુમાર તેને

ઝીલી લે છે. આ દ્રશ્ય જોતાં સવિતા. પદ્મ કુમાર અને કમલિની વિષે વ્હેમાય છે, કમલિનીનું મન જાણી લેઇ તેનો તિરસ્કર કરે છે. પશ્ચાત્તાપ કરતી કમલિની ઝેર પીવા જાય છે. ત્યાં ડૅાકટરને બોલાવવા ગયેલો પદ્મકુમાર આવી અટકાવે છે. સવિતાનો વ્હેમ મજબૂત થાય છે. પદ્મકુમારનો ખુલાસો માનતી નથી ને પોતાના પીયર ચાલી જાય છે. કમલિનીનો મનોવિકાર જાણી પદ્મકુમાર કમલિની અને ચંદ્રકુમારનાં લગ્ન કરી આપવા કહે છે. ચંદ્રકુમાર અને કમલિની એક બીજાને પ્રેમ વગર પરણવા ના કહે છે, કમલિનીને ફસાવવા સોલોમન કમલિનીના પિતાના નામની ચિઠ્ઠી લખી તેને પોતાને બંગલે બોલાવે છે, સોલોમનની બનાવટી ચિઠ્ઠી વાંચી તેનો પ્રપંચ સમજી પદ્મકુમાર કમલિનીની પાછળ જાય છે.

દ્રશ્ય ૫મું—કિશોરીનો ઓરડો.

કિશોરીના ફ્રેન્ડઝ, તેની વરની પસંદગી; રોમીયોનું તોફાન.

દ્રશ્ય ૬ઠું—સોલોમનનો બંગલો.

કમલિની સોલોમનની યુક્તિ સમજે છે, તેનો તિરસ્કાર કરે છે. કમલિની યુક્તિ પૂર્વક સોલોમનને થાપ આપવા જાય છે, પણ સોલોમન બળજોરી કરવા જાય છે. કેતકી તેને ભરણ પોષણની નોટીસ

આપવા આવતાં માર ખાતી બેભાન થાય છે. કમલિની બારીએથી પડતું મૂકવા જાય છે, સોલોમન તેની પાછળ જાય છે; બારણું બંધ હોવાથી બારીએથી ઉતરી પાસેના ઘરના છાપરેથી નલીન અકસ્માત ત્યાં આવે છે. કેતકીની દશા જોઇ, સોલોમન ઘરમાં હશે એમ ધારે છે. એવામાં સોલોમન કમલિનીને ઘસડી લાવે છે. બળજોરી કરતાં નલીન વચ્ચે પડે છે, મારામારી. બન્ને ઘાયલ થાય છે. કમલિનીની સારવારથી ભાનમાં આવેલી કેતકી ટેલીફોન કરે છે. પોલીસ અને પદ્મકુમાર આવે છે, નલીનનું અને સોલોમનનું મૃત્યુ.

અંક ૩ જો.

દશ્ય ૧લું—સોલોમનનો બંગલો.

કેતકીને ઉંધું સમજાવી ગમન વેચવા કેતકીને લઇ જાય છે.

દશ્ય ૨જું—પદ્મકુમારનું ઘર.

સવિતાનો પત્ર આવે છે તેમાં દ્વિઅર્થી ભાષા હોવાથી સવિતાને પદ્મકુમાર મરણ પામેલી માની શોક કરે છે. કમલિની લગ્નની માગણી કરે છે, પદ્મકુમાર તેને ધિક્કારે છે, અને ચંદ્રકુમાર સાથે પરણવા કહે છે, ચંદ્રકુમાર અને કમલિનીની સલાહ, પ્રેમ વગર પરણી એક બીજાનો ભવ બગાડવા કરતાં ઝેર પી મરી જવું એ માર્ગ યોગ્ય લાગવાથી કમલિનીએ ઝેર પી મરી જવું, પદ્મકુમારનું ચિત્ત ભ્રમ થવું.

દશ્ય ૩જું—કિશોરચંદ મારવાડીનું ઘર.

ઘરડા કિશોરચંદ મારવાડી સાથે ગમને કિશોરીનું સાટું કરેલું છે. ઘરડાનો જુવાન બનવા પ્રયત્ન. કિશોરી અને રામીયોની યુક્તિ. ઘરડો વર કંટા-

જીને કિશોરીને પગે પડી પરણવાની ના કહે છે, કિશોરી અને રોમીયોનો આનંદ.

દશ્ય ૪થું—બગીચો.

સવિતા લોક સેવા માટે જીંદગી ગાળવા આર્ય સમાજે સ્થાપેલી કન્યાશાળામાં શિક્ષણ આપવા રહેલી છે. ચંદ્રકુમાર તેને મળી પદ્મકુમારની શુદ્ધતા માટે તેની ખાત્રી કરી આપે છે. પદ્મકુમારને તારથી બોલાવી સવિતા સાથે મેળવે છે. કેતકીને થાપ આપી ગમન, પંજાબસિંહના વેષમાં ચંદ્રકુમારનેજ વેચવા ત્યાં આવે છે, કેતકી તેને ધિક્કારે છે. કાકી ભત્રીજીનો મેળાપ, આ આફતમાંથી બચાવવા કાકીને વિનંતી, કાકીના તેમજ છુપા વેષના ચંદ્રકુમારના મર્મ પ્રહારથી કેતકીનો પશ્ચાત્તાપ, ગમનને કાયદેસર ગુન્હેગાર બનાવી ચંદ્રકુમારે ફસાવવો. ચંદ્રકુમાર ઉપર કેતકીનું પ્રસન્ન થવું, ચદ્રકુમાર પુન ર્લગ્ન કરવા કેતકીને આર્ય સમાજમાં શુદ્ધિ કરવા કહે છે. કેતકી પોતે પશ્ચિમના પવનની અને વિદેશીવિદ્યાની તેમજ સોબતની અસરથી મોહક તરંગે તણાઇ પોતાની જે દુર્દશા કરી તેવી ભવિષ્યમાં બીજી બાળાઓની ન થાય તેવું શિક્ષણ જાતેજ આપવા વિધવાદશામાં રહી આર્યસમાજની કન્યાશાળામાં જોડાય છે. કેતકીની ટેક જોઇ ચંદ્રકુમાર આખી જીંદગી બ્રહ્મચર્ય

પાળી હૃદયપ્રેમી કેતકીને સહાય કરવા પ્રતિજ્ઞા લે છે. કેતકી હિંદુધર્મમાં ભળવા વિશુદ્ધિ કરાવે છે, ત્યાં સ્ત્રીઓને યોગ્ય શિક્ષણનું બાળાઓનું સંગીત અને "સ્વધર્મે નિધનં શ્રેય:પરધર્મો ભયાવહ:" એ દૃશ્ય સાથે નાટકની પૂર્ણાહુતી.

ॐ શ્રી

તરૂણીના તરંગ

નાટકનાં ગાયનો.

મગંળાચરણ.

બાળાઓ—

કર સ્તવન પ્રીતથી તું સજન.
છે ન્યારી શ્રુતિ શ્રીકાર
એકલા મુનિ જાણે—રસની ધાર —કર૦

જગ ભેદ પણ જાણે ન સરજન
વેદ વાણી નવ કોઇ સુણે
પરબ્રહ્મ શ્રુતિ બોલે
કોઇ જુએ નહિ શ્રુત સાર —કર૦

બાળાઓ— ર

જગતમાં પ્રેમનો વે'વાર
ઓ સજની ! રસીયાનાં મનોનો એ વિકાર
નથી એ હ્રદયતણી રસધાર —જગતમાં૦

એક આંખ ઝીણી પલકાવે
મુખ મંદ મીઠું મલકાવે
રસરંગ પૂરા વરસાવે
એ વિકાર ભર્યો સંસાર —જગતમાં૦

વારાંગના— ૩

કયા કહેં દિલસે કહાં વસ્લમેં અરમાન ગયે
નાજકે સદકે તો અંદાજે કુરબાન ગયે
ઇમ્તે હા ખુબ વફાકાભી જફાકાભી હુવા
તુમ હમે જાન ગયે હમ તુમ્હે પહચાન ગયે
વસ્તમે કહતેહે કોઇ આડે આતા
હાય ઇસ વકત કહાં મેરે નીગેહ બાન ગયે

કુમલિની— ૪

પૂછું એકજ વાત સુખી દિલને
કદી ખોલી દીઠું દુઃખી આ દિલને —પૂછું૦
કદી આંસુ તણી કણી એક પડે
છૂપા ભેદ કહો તમને ન જડે ? —પૂછું૦
અમ અશ્રુતણું નવ મૂલ્ય થશે
ભલે રત્ન ઘણા તમ પાસ હશે —પૂછું૦

સવિતા— ૫

તરી કો પાર લાવે આરે
મોહની આ જગની તજાવે —તરી૦
નિશ દિન રાગી વિષયે રીઝાયે
કોણુ બતાવે પ્રેમસાર —તરી૦

સવિતા— ૬

પ્રેમ જ્યોતિ તણા ભેદ ખોલી જુઓ
રગે રગ શોધી જુઓ
અંતરપટ ખોલી જુઓ —પ્રેમ૦
નથી નેન તણા ચમકારે
નથી શબ્દ તણી રસધારે
એક અંતરના શુભ દ્વારે
રસ પ્રેમ જુઓ
કાં પ્રેમ રંગ ખુઓ ? —પ્રેમ૦

કેતકી— ૭

અમે વર વરવાનાં શોખના
ડેન્સ કરીશું
લન્ચ લઈશું
પાઠ ભણીશું પ્રેમના —અમે૦

આંખ મળતાં વાંકુ જોતાં બાથ ભરતાં રંગમાં
કીસ કરીએ
મંદ હસીએ
રમી લેશું લ્હાવ રસના —અમે૦

કિશોરી— ૮

નિશાળમાં ભણતી હતી, ત્યાં સ્નેહની પાર્ટી થઈ;
હસતા મળ્યા મિત્રો મને, લવસીનમાં લપસી ગઈ.
લાજુ હું તો કે'તી, વાતો મીઠી કીધી
વારે વારે પ્રેઝન્ટ મેં તો લીધી.

કળા કામણગારી નયનોની મેં જાણી
પ્રીતિ મેં પિછાણી
મીઠી મીઠી કીસ મેં તો કીધી.
કૉલેજનો કૉન્સર્ટ હતો, લોકો ઘણા ભેગા થયા;
પાર્ટ મારો જોઈને, બેહાલ ત્યાં સૌ થઇ ગયા.
લટકે હું તો ચાલી, વાંકી આંખે ભાળી
લટકે મટકે સૌને હું તો પટકી.
કળા કમણગારી કમાવાની જાણી
બોલી મીઠી વાણી
ધીમે ધીમે ચાલી હું તો સરકી —લાજું૦

કિશોરી— ૬

પ્રેમ જળ ભરવાને ઘડુલી લાવજો
છુમ છુમ છુમ અમે ચાલીશું રાજ

રોમીયો—ચાલો ચાલો

કિશોરી—હાંહાંરે તમે જાઓ

રસિકવર કાંકરીયો નવ મારશો હો રાજ —પ્રેમ૦
ઉઢણુ આપો હેમનું, લચકાતી હું જાઉં,
મૂકી ઘડુલી મસ્તકે, પ્રીતિ જળ હું પાઉં.

રોમીયો—ચાલો ચાલો

મોતીને માણેકતણા, આપું તુજને હાર;
બસમો સુંદર પ્હેરીને, કર તું બેડો પાર,
ચાલો ચાલો૦

બાળાઓ—   ૧૦

મે ફોર્થ લવ ટુડે બ્રીંગ રૂલ એફેક્ષનેઈટલી
પ્લેઝ કયુપીડ ઈન ધ યુનીવર્સ લાફ ધી બડઝ
મેરીલી હાઉ નાઉ
લાફ્સ સી હાઉ નાઈટ શાઈન્ઝ વેન મુન ડેલીકેટલી
ઓલ રિગેઇન વીલ લાઇફ ન્યુ હોલ વર્લ્ડ વીલ
રેઈન ધી જોય —મે ફોર્થ૦

May forth love to-bring
Rule affectionately ;
Plays Cupid in the universe
Laugh the buds merrily how now ;
Laughs see had night shines when
Moon delicately ;
All regain will life new ;
Whole world will reign the joy.

કેતકી—   ૧૧

મીઠી વાગે વેણુ મોહનજી ધ્રૂજે હૃદય આ
મીઠા એના સુર પ્રીતમજી ડોલે સનમ આ
તારાં નયન નિહાળતાં, ધડક ધડક દિલ થાય;
ચાલુ પણ પડતી બચું, આગ આગ દિલ થાય.
મધુરૂં બોલે કોઇ હૃદયમાં
કરે છે મુને કેદી પલકમાં
શરમ આવે વદતાં પ્રીતમ આ —મીઠી૦

અંક ૨ જો.

સવિતા— ૧૨

ગહન જગ ભેદ કોઇ નવ જાણે
અણુ અણુ પ્રભુ મહિમા
અંતર ન આણે —ગહન૦

વહત શીતલ સમીર
વિજળી ચમકે ગિર
જોય પલ પલ ભેદ પણ ન જાણે —ગહન૦

વારાંગના— ૧૩

ચેરી ગુંઇયાં કઇસે ભેજું પાતી કદર ઓર
કાહુકો જો સાથી પાતી મય આપી ચલી જાતી
ચહુ ઓર મોહન કિશોર
કોયલકી કુક એર એર
પપીઆકી ટેરસે મોહે નિંદ નહિ આતી—કદર૦
એક તો કારી રેન પાપીન
સુની સેજ જટાસે સાંપીન
હાય મોરા બારા જીયરા
હાય દસે જાતી

કેતકી— ૧૪

હવે આમ ડરવાના રે ગયા જમાના
ગુલામ માની દોર બતાવે
મારે વણુ વાંકે સતાવે
જૂલમ એવા ખમી જવાના —ગયા૦
પતિ કુચ્છંદી દુષ્ટ હોયે
પત્ની માને દેવ તોયે
દીન બનીને ડરી જવાના —ગયા૦
કષ્ટ દઈને ઘણી રીબાવે
નારીથી કંઇ ના બોલાયે
સહી સહીને મરી જવાના —ગયા૦

કેતકી— ૧૫

બાળાઓ ભોળી ભરમાશો ના કપટી આ ટોળી
મીઠું વદતા ધીમું હસતા લલચાવે નારી
ડીયર ડીયર કહી ચુંબન કરતા શીખવતા ચારી—બાળા૦
મોટર લાવે મોજ કરાવે પાયે ન્હાપાણી
પરણીને તરછોડી કરતા જીદંગી ધૂળધાણી—બાળા૦

સવિતા— ૧૬

જીંદગી દુઃખી નવ કરીએ
વિધિથી કદી નહિ ડરીએ
વિધિએ નીરમ્યુ જે હોય તે અનુભવીએ
ભવસાગર કેમ તરીએ

જો ધીર ધરી નવ રહીએ —વિધિ
ભાગ્યની પોથી તણાં પાનાં તમે ખોલી જુઓ,
જે જે લખાયા લેખ છે તે તે તમે વાંચી જુઓ;
નિજ કર્મની કથની વિના બીજું કંઇ જોશો નહિ,
ભાગ્ય કર્ત્તા ભાગ્યનો માનવ વિના બીજો નહિ.
માનવ દિલ જો ધરીએ
પરિણામ સદા સહુ સહીએ —વિધિ૦

કમલિની— ૧૭

મનની મનમાંજ રહી ગતિ જુઓ ભાગ્યતણી
પ્રીતિ આશા ન રહી પિયુ તેં નિરાશ કરી
કઠિન દિલ થાય કુણું એ પ્રેમ શાસ્ત્રે લખ્યું
એ દિલ કુણું હતું કઠિન તે હાય થયું
દિલ દીધું મેં આ તુંને, દેવું બીજાને તે નથી,
દિલ લીધું મેં તાહરૂ બીજાનું તો લેવું નથી;
પિયુ પિયુ પોકારતી પિયુ મને જોતો નથી,
વિષતણી પ્યાલી વિના પ્રેમી ખરે બીજું નથી—મનની૦

૧૮

રોમીયો—ચાલો ચાલો રસીલી નાર
ખીલી વસંત બહાર
કિશોરી—છેડો છોડો દિલદાર—ચાલો૦
શોખ સીનેમાના મને નથી પૈસા મુજ કને
રોમીયો—આપું ખણુખણુ તને—ચાલો૦

કિશોરી—હવે હું તો ફરવાની રોજ ઘોડાગાડી હાંકી
રોમીયો—હવે હું એ ફરીશ સંગ થઈને સ્હેલાણી
(જીનતાનનો હું રાજા)
(ભુતાનની હું રાણી)
કિશોરી—હું સ્વતંત્રતામાં પુરેપુરી
એલીઝાબેથ રાણી
મારો ઓરડર થાતાં તારે ભરવું પડશે પાણી—ચા૦

અંક ૩ જો

કેતકી— ૧૯

અમારી દશા આ નમાયાં પશુની
સુખથી મળતું નવ પાણી
વદુ શું સુખ વાણી —અમારી૦
જગમાં સહુ જન માને
લલના વિષય સુખની
રાખી સદા કેદી
કરી સુખની હાની —અમારી૦

કમલિની— ૨૦

કેમ જશે જીંદગી દુઃખની મુજ
પિયુ સુખ આશ નહિ લગાર —કેમ૦
પલ એક જો મળે પિયુના પ્રેમમાં
બનું હું દાસી ઘડીપલ હજાર —કેમ૦

કમલિની— ૨૧

જુઓ સંસારમાં કેવા અમારા લગ્નના લ્હાવા
ન ચાહે જે તેને ચાહે, ચાહે તેને ન ગણકારે
બનાવો છે બધે અહાવા અમારા લગ્નના લ્હાવા.

\+ + +

ચતુરને મૂર્ખ પરણાવે, રસીકને શુષ્ક વળગાડે,
નહિ મન મેળ મળવાના અમારા લગ્નના લ્હાવા.

\+ + +

ભુખ્યા જાણે ન પ્રેમી ઘા અંતરમાં જે પડયા ઉંડા,
નહિ એ ઘા રૂઝાવાના અમારા લગ્નના લ્હાવા.

\+ + +

જઇશું મોક્ષ કે નરકે સમજના કાંઇ એ અમને
નહિ કો ઠામ ઠરવાના અમારા લગ્નના લ્હાવા.

\+ + +

કોને કહો દોષ તો દેવા વિધિના લેખ છે એવા,
વગર મ્હોતેજ મરવાના અમારા લગ્નના લ્હાવા.

૨૨

રોમીયો—નખરા નવીન તારાં કારમાં
નયનોના બાણો માર માં
ઘાયલ છું તારા પ્યારમાં —નખરાં૦

કિશોરી—મારી ઠુમ ઠુમકતી ચાલ
મારા વાંકડીયા વાળ
રોમીયો—હાય હું થયો બેહાલ —નખરાં૦
કિશોરી—જુવાની જાય ચાલી
મળે નહિ કોઇ માળી
રોમીયો—માળી આ પ્રેમનો અહીં ઉભો છે માળી.

(**સાખી**)

પ્રેમી ઘવાયાં પ્રેમથી, એ પ્રેમ તો અણુમૂલ છે,
પ્રેમી વિનાની જીંદગાની જગતમાંહી ધળ છે.

કિશોરી—સાથે હરી સાથે ફરી સાથે રમીશું મોજથી
સાથે ફરી સાથે તરી સાથે મરીશું મોજથી—મારી૦

બાળાઓ— ૨૩

સુણો અમ કર્મતણી કથની સદાયે સ્વાશ્રયની લગની—સુણો૦
(૧) દળણું દળતી હું થાકું ના લોક થકી નવ લાજુ
ઘર કામ થતું ને અંગ કસાતું કાં એમાં શરમાવું—સુણો૦
(૨) જળ ભરવા હું બેડાં માંજી માથે મૂકી ચાલુ
સડપ સડપ હું પાણી ખેંચુ એમાં કાં હું લાજું—સુણો૦
(૩) વાસણ માંજું કપડાં ધોઉં ઘાટી નવ બોલાવું
બે મણનોય બોજો લેતાં શરમ જરી નવ રાખું—સુણો૦
(૪) ભણતાં લખતાં સ્વાશ્રય કરતાં કામ કરો નવ કાચું
અંગ કસાશે વ્યાધિ જાશે એ શિક્ષણ છે સાચું—સુણો૦

છેલ્લું દૃશ્ય.

स्वधर्मे निधनं श्रेय :
पर धर्मो भया वह :

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો મુંબઇ ગુજરાતી નાટક મંડળીનો જ્યાં મુકામ હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે. વી.પી.થી મોકલવામાં આવશે નહિ.

૧ સૌભાગ્ય—સુંદરી.
૨ વિક્રમ ચરિત્ર.
૩ કામલતા.
૪ મધુ—બંસરી
૫ સુધા—ચંદ્ર.
૬ સ્નેહ—સરિતા.
૭ મેઘ—માલિની.
૮ આનંદ—લહરી
૯ પ્રતાપ—લક્ષ્મી.
૧૦ કુલીન કાન્તા.
૧૧ હરિશ્ચંદ્ર.
૧૨ કનક—તારા
૧૩ કુંદબાળા.
૧૪ ચંદ્રા ૧૫ રાજ—બીજ.
૧૬ મેવાડનો પ્રતાપચંદ.
૧૭ દુઃખી ભાઈ બ્હેન.
૧૮ પ્રેમકળા.
૧૯ માનસિંહ—અભયસિંહ
૨૦ મુળરાજ સોલંકી.
૨૧ સુંદર—વેણી.
૨૨ રસીક—મણી.
૨૩ બારિસ્ટર
૨૪ રામ ચરિત્ર
૨૫ જયરાજ
૨૬ પુષ્પસેન—પુષ્પાવતી.
૨૭ નૃસિંહાવતાર.
૨૮ તિલક કુમાર.
૨૯ કરણ ઘેલો.
૩૦ વીર મંડળ.
૩૧ મોહિની.
૩૨ જહાંગીર શાહ ગોહર.
૩૩ અજબ કુમારી.
૩૪ નળ—દમયંતી.
૩૫ લલિતા દુઃખ દર્શક
૩૬ લક્ષાધિપતિનો રમણ.
૩૭ સંગતનો રંગ.
૩૮ દાગે હસરત.
૩૯ નેક અંજામ.
૪૦ જુલમ જુગારી.
૪૧ નંદબત્રીસી.
૪૨ નવલશા હીરજી.
૪૩ ચંદ્રભાગા.
૪૪ વસંત—પ્રભા.
૪૫ સંગતનાં ફળ.
૪૬ વિશ્વલીલા
૪૭ તિલસ્મે ઉલ્ફત.
૪૮ કૃષ્ણ ચરિત્ર.
૪૯ દેવકન્યા.
૫૦ નવલ—કુસુમ
૫૧ ખાન્દાને ગુલ.
૫૨ રામ—રતન.
૫૩ શકુંતલા.
૫૪ ભદ્રાભામિની.
૫૫ વિમળા.
૫૬ હોંસીલી હીરા
૫૭ શ્રી દેવી
૫૮ કનક—કિશોરી.
૫૯ ગુમાન—તારા.
૬૦ નાગમતિ.
૬૧ જહરી અંગુસ્તરી.
૬૨ સૌભાગ્યનો સિંહ.
૬૩ સામ્બ લક્ષ્મણા.
૬૪ ભારત સંતાન.
૬૫ વીર માનસિંહ.
૬૬ નૂરજહાન.
૬૭ કુમળી કળી.
૬૮ જમાનાનો રંગ.
૬૯ તરૂણીના તરંગ.